ડાંગના દુર્ગમ વિસ્તારમાં પરિભ્રમણ કરી રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ની મુલાકાત લેતા PMO કાર્યાલયના નિયામકશ્રી

'રાષ્ટ્રહિત સર્વોપરી' ની ભાવના સાથે ૨૦૪૭નાં વિકસિત ભારતનો 'પ્રણ' ગ્રહણ કરતા મહાનુભાવોઃ

ડાંગ જિલ્લાના ચિચિનાગાંવઠા ગામે પહોંચી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા':

(ડાંગ માહિતી બ્યુરો): આહવાઃ તાઃ ૨૨ઃ 'રાષ્ટ્રહિત સર્વોપરી' ની ભાવના સાથે સૌને સને ૨૦૪૭ ના વિકસિત ભારતનો સંકલ્પ લેવાનો અનુરોધ કરતા, નવી દિલ્હી સ્થિત પ્રધાનમંત્રીશ્રીના કાર્યાલયના વરિષ્ઠ સનદી અધિકારી એવા નિયામક સુશ્રી એશ્વર્યા સિંઘે, પાત્રતા ધરાવતો એક પણ લાભાર્થી યોજનાકિય લાભોથી વંચિત ન રહી જાય તે સુનિષ્ટિત કરવાની હિમાયત કરી હતી. ડાંગ જિલ્લામાં ચાલી રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ની મુલાકાતે પધારેલા PMO નાં નિયામકશ્રીએ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, સુકન્યા સમૃદ્ધિ યોજના સહિતની શ્રેણીબદ્ધ યોજનાઓની જાણકારી સાથે લાભ લેવાની પણ ચિચિનાગાંવઠા સહિતના ગામોના ગ્રામજનોને અપીલ કરી હતી. સુશ્રી એશ્વર્યા સિંઘે ડાંગ જિલ્લામાં ચાલી રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દરમિયાન હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓનું બારીકાઈથી નિરીક્ષણ કરી જાતમાહિતી મેળવી હતી. તેમણે 'યાત્રા'ના સથવારે ડાંગ જિલ્લામાં 'મેરી કહાની, મેરી જુબાની' ના લાભાર્થીઓને સાંભળી વિવિધ સાધન/સહાય મેળવનારા લાભાર્થીઓને યોજનાકિય લાભો પણ એનાયત કર્યા હતા. સુશ્રી એશ્વર્યા સિંઘે સૌના સહિયારા પ્રયાસોથી ડાંગ જિલ્લાના દુર્ગમ વિસ્તારોમાં VBSY સફળતાપૂર્વક પરિભ્રમણ કરી રહી છે તેમ પણ આ વેળા જણાવ્યું હતું. દરમિયાન ચિચિનાગાંવઠા ગામે ઉપસ્થિત રહેલા ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે પાત્રતા ધરાવતો એક પણ લાભાર્થી, લાભ મેળવવાથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખવા સાથે, ગ્રામીણ અને તાલુકા કક્ષાના કર્મચારી/અધિકારીઓની ભૂમિકા આ બાબતે સુનિષ્ટિત કરવાની અપીલ કરી હતી. ચિચિનાગાંવઠા ગામે સરપંચ શ્રી સંકેત બંગાળ તથા તાલુકા પંચાયત સદસ્ય શ્રીમતી દક્ષાબેન બંગાળે વિશેષ ઉપસ્થિત રહી, ગ્રામજનોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ચિચિનાગાંવઠા ગામે 'રથ ક્રમાંક-૧' ના સથવારે આયોજિત કાર્યક્રમમાં બેલ્ત્રિક્રંગ ક્ષેત્ર સહિત આરોગ્ય વિભાગ, પશુપાલન, મહિલા અને બાળ કલ્યાણ, મિશન મંગલમ, ખેતીવાડી સહિતના વિભાગોએ તેમની યોજનાકિય જાણકારીઓ પ્રજાજનો સુધી પહોંચાડવા સાથે વિવિધ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની નોંધણી કરી હતી. ઉપસ્થિત મહાનુભાવો સહિત ગ્રામજનોએ આગામી વર્ષ ૨૦૪૭ સુધીના વિકસિત ભારતમાં પોતાની ભાગીદારી સુનિષ્ટિત કરવાનું 'પ્રણ' ગ્રહણ કર્યું હતું. તો વિવિધ યોજનાના લાભાર્થીઓએ 'મેરી કહાની, મેરી જુબાની' અંતર્ગત તેમના અભિપ્રાયો પણ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના ભાગરૂપે વિકસિત ભારતનો સંદેશ આપતા વડાપ્રધાનશ્રીની કાર્યક્રમ સંબંધિત ફિલ્મનું નિદર્શન, યોજનાકિય સાહિત્યનું વિતરણ, આરોગ્ય અને પશુ આરોગ્ય વિભાગના નિદાન અને સારવાર કેમ્પ, ડ્રોનથી દવા છંટકાવનું નિદર્શન, સ્વચ્છતા વિષયક શેરી નાટક (ભવાઇ) ની પ્રસ્તુતિ, તજજ્ઞો દ્વારા યોજનકિય જાણકારી, ધરતી કરે પુકાર નૃત્ય નાટિકા, વિવિધ યોજનાકીય લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ, પ્રતિભાશાળીઓનું સન્માન જેવા કાર્યક્રમો સહિત જિલ્લામાં ચાલી રહેલા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંગેની જનજાગૃતિ પણ કેળવવામાં આવી હતી. કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.ડામોર, નિવાસી અધિક કલેકટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબીયાર, VBSY ના જિલ્લા કક્ષાના નોડલ ઓફિસર- વ-નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી હિરલ પટેલ, પ્રાંત અધિકારી શ્રી પ્રિતેશ પટેલ, ICDSના પ્રોગ્રામ ઓફિસર સુશ્રી જ્યોત્સના પટેલ, સહિતના ઉચ્ચાઅધિકારીઓ, તાલુકા /જિલ્લાના અધિકારી, કર્મચારીઓ, રથના ગ્રામ્ય અને તાલુકાના નોડલ ઓફિસરો, ગ્રામજનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા, જિલ્લો ડાંગ'

તા. ૨૩મી નવેમ્બરે વઘઈ તાલુકાના ભેંડમાળ અને આંબાપાડા ગામમા 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ના કાર્યક્રમો યોજાશે

આહવા અને ઘોઘલી ગામમા પણ યાત્રા' પહોચશે :

(ડાંગ માહિતી બ્યુરો) તાઃ ૨૨ઃ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમા તા.૧૫મી નવેમ્બર : 'જનજાતીય ગૌરવ દિવસ'થી દેશ સમસ્તમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામા આવ્યો છે. જે મુજબ આદિજાતિ બહુલ વસતિ ધરાવતા ડાંગ જિલ્લામા પણ આ યાત્રાના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઘડી કઢાયેલા કાર્યક્રમ અનુસાર, ડાંગ જિલ્લામાં તમામે તમામ સો પંચાયતોને આવરી લેતા બે જેટલા 'રથ' ના સથવારે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' દ્વારા લોકોને સરકારી યોજનાઓની માહિતી પહોચાડવામા આવી રહી છે. જે મુજબ તા.૨૩/૧૧/૨૦૨૩ના રોજ વઘઇ તાલુકાના ભેંડમાળ પ્રાથમિક શાળા ખાતેથી 'રથ નંબર-૧' પ્રસ્થાન કરશે. આ 'રથ' બપોરે ૨ વાગ્યે આંબાપાડા પહોચશે. જ્યાં રાત્રિ મુકામ સાથે વિવિધ કાર્યક્રમો યોજાશે. 'રથ ક્રમાંક-૧' વઘઇ તાલુકાના નોડલ અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી શ્રી સુહાસ ગંવાદે (સંપર્ક નંબર:૯૪૨૭૭૦ ૦૬૭૨૦)ની નિયુક્તિ કરવામાં આવી છે. તે જ રીતે 'રથ નંબર-૨' નું આહવા સ્થિત પ્રાથમિક શાળા ખાતેથી પ્રસ્થાન કરાશે. જે બપોરે ૨ વાગ્યે ઘોઘલી ખાતે પહોચશે. જ્યાં રાત્રિ રોકાણ સાથે નિયત કાર્યક્રમો યોજાશે. 'રથ ક્રમાંક-૨' આહવા તાલુકાના નોડલ અધિકારી તરીકે તાલુકા વિકાસ અધિકારી સુશ્રી અલ્પના નાયર, (સંપર્ક નંબર: ૮૮૪૯૭ ૭૧૧૮૩) ની નિયુક્તિ કરવામાં આવી છે. આ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'માં સૌને જોડાવા, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

ડાંગ જિલ્લાના ત્રણે તાલુકાઓમાં યોજાશે બે દિવસિય 'રવિ કૃષિ મહોત્સવ'

તારીખ ૨૪/૨૫ નવેમ્બર દરમિયાન યોજનાર કાર્યક્રમની તૈયારીઓને અપાયો આખરી ઓપ

(ડાંગ માહિતી બ્યૂરો): આહવાઃ તાઃ ૨૨ઃ રાજ્યના ધરતીપુત્રોને રવિ સિઝનમાં રવિપાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે સૂક્ષ્મ જાણકારી પૂરી પાડવા સાથે, વિવિધ ખેડૂતકલ્યાણ લક્ષી યોજનાઓની જાણકારી પૂરી પાડવા માટે રાજ્યભરમાં તમામે તમામ તાલુકા કક્ષાએ બે દિવસિય 'રવિ કૃષિ મહોત્સવ' નું આયોજન કરાયું છે. જે મુજબ સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિને વરેલા ડાંગ જિલ્લામાં પણ તારીખ ૨૪ અને ૨૫ નવેમ્બરના રોજ બે દિવસ 'રવિ કૃષિ મહોત્સવનું' આયોજન જિલ્લા વહીવટી તંત્રએ ઘડી કાઢ્યું છે. ડાંગ જિલ્લા વહીવટી વડા એવા કલેક્ટર શ્રી મહેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ. ડામોર તથા પ્રાંત અધિકારી શ્રી પ્રિતેશ પટેલની રાહબરી હેઠળ ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓ આહવા, વઘઇ અને સુબીર ખાતે પણ તારીખ ૨૪ અને ૨૫ નવેમ્બર દરમિયાન 'રવિ કૃષિ મહોત્સવ' નું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે. જે મુજબ આહવા તાલુકા અને જિલ્લા કક્ષાનો કાર્યક્રમ તારીખ ૨૪/૧૧/૨૦૨૩ ના રોજ ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને, આહવાના ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે, સુબીર તાલુકાનો કાર્યક્રમ જિલ્લા પંચાયતના અધ્યક્ષા શ્રીમતી નિર્મળાબેન ગાઇનના અધ્યક્ષસ્થાને સુબીર સ્થિત નવજોત સ્કૂલ ખાતે, અને વઘઇ તાલુકાનો કાર્યક્રમ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી ભરતભાઇ ભોયેના અધ્યક્ષ સ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આયોજિત કરાયો છે. સમગ્ર કાર્યક્રમના સૂચારુ આયોજન, વ્યવસ્થા અર્થે તાલુકા અને જિલ્લા કક્ષાની વિવિધ સમિતિઓની રચના કરી, સંબંધિત વિભાગ/કચેરીઓને જવાબદારીઓ સુપ્રત કરી દેવામાં આવી છે.

એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ
નોંધણીકૃત કાર્યાલયઃ 15મો માળ, પી એસ શ્રીજન ટેક પાર્ક, પ્લોટ નં. 52, બ્લોક ડીએન, સેક્ટર V, સોલ્ટ લેક સિટી, કોલકતા 700 091, જિલ્લો 24–પરગણા નોર્થ.
CIN No.: U65910WB1993FLC060810
શાખાનું કાર્યાલયઃ સુરત

L&T Finance

મોર્ગેજ થયેલી સંપત્તિના વેચાણ માટે જાહેર હરાજી

એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઑફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 2002ની 54 હેઠળ અને આ એક્ટ હેઠળ આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને તેના બાકી નાણાં અને આગળ ચઢી રહેલા વ્યાજ, ચાર્જિસ અને ખર્ચાઓ વગેરેની વસૂલાત કરવા માટે **'જાહેર હરાજી'**ના માધ્યમથી અહીં નીચે જણાવેલી સંપત્તિની **'જે જ્યાં છે'** અને **'જે જેવી સ્થિતિમાં છે'**ના આધારે ઈ–હરાજી કરી રહ્યાં છે.

મૂળ ઋણદારનાં નામ	સંરક્ષિત મિલકતનું સરનામું			લોન અકાઉન્ટ નંબર(રો)	પ્રતીકાત્મક લીધેલો કબજો	બાનાની રકમ 10% અથવા અનામત કિંમતથી વધુ (₹માં)	17.11.2023ના રોજ કુલ બાકી લેણા	અનામત કિંમત (₹માં)	નિરીક્ષણની તારીખ	હરાજીની તારીખ અને સમય
1. જિતેન ભોગિન્દ્ર જરીવાલા 2. ફેનિલ જરીવાલા 3. નકુલ જરીવાલા	સંપત્તિનું સરનામુંઃ મોજે ગામ પરજાણ, તાલુકો–જલાલપોર અને જિલ્લો–નવસારી, સુરત, 396450 ખાતે આવેલા 29,610 ચો. મી.ના બ્લોક/સર્વે નં. 268 સ્થિત 'ગ્રીન પેરેડાઇઝ'ની જમીનના રોડ અને કો.ઓ.પ.માં રહેલા 182.94 ચો. મી.ના અવિભાજિત હિસ્સાની સાથે સાઇટ પ્લોટ નં. એ/257 અને બ્લોક નં. 268 મુજબ પ્લોટ નં. 30 (કે. જે. પી. બ્લોક/સર્વે નં. 268/પૈકી પ્લોટ નં. 30, જેનું માપ 641.90 ચો. મી. થાય છે).			SRTHL2000010, H12658250621030339, H12658230621050719	19 એપ્રિલ, 2023	₹. 9,55,456.90/–	₹. 1,72,66,586.35/–	₹. 95,54,569/–	20-12-2023	28–12–2023 સવારે 11 વાગ્યે
	સીમાઓ	પૂર્વે	પ્લોટ નં. 31 (સાઇટ પ્લોટ નં. એ/258 મુજબ)							
		પશ્ચિમે	પ્લોટ નં. 29 (સાઇટ પ્લોટ એ/256 મુજબ)							
		ઉત્તરે	આંતરિક રોડ							
		દક્ષિણે	બ્લોક નં. 277							

જાહેર હરાજીના નિયમો અને શરતો

1. ઈ–હરાજી વેચાણ એઇડ અને જાહેર ઈ–હરાજી માધ્યમ થકી સારફેસી એક્ટની જોગવાઇઓ હેઠળ વેબસાઇટ https://sarfaesi.E-auctiontiger.net થકી અધિકૃત અધિકારી દ્વારા ઓનલાઈન હાથ ધરાઈ રહ્યું છે.
2. જાહેર ઈ–હરાજી ઉક્ત ઉલ્લેખિત તારીખ અને સમયે હાથ ધરાશે, જ્યારે ઉક્ત ઉલ્લેખિત સંરક્ષિત અસ્કયામત **''જેમ છે જ્યાં છે ધોરણે'' અને ''જેમ છે જે સ્થિતિમાં છે''** ધોરણે વેચવામાં આવશે.
3. જાહેર ઈ–હરાજું ભાગ લેવા માટે ઇચ્છુક ખરીદદાર/ બિડરોએ **27/12/2023**ના રોજ અથવા પૂર્વે પેન કાર્ડ, કંપનીના કિસ્સામાં બોર્ડનો ઠરાવ અને સરનામાના પુરાવાની નકલો સાથે સંરક્ષિત અસ્કયામતોની અનામત કિંમતના 10%ની રિફંડેબલ બાનાની રકમની ચુકવણીની વિગતો સુપરત કરવાની રહેશે.
4. જાહેર ઈ–હરાજીમાં સફળ નહીં થનારા બધા અન્ય બિડરોની બાનાની રકમ એલટીએચએફએલ દ્વારા જાહેર ઈ–હરાજી બંધ થયાના 7 દિવસમાં રિફંડ કરાશે. બાનાની રકમ પર કોઈ વ્યાજ નહીં અપાશે.
5. સફળ ખરીદદાર /બિડરે તેની /તેમની ઓફરના 25% (બાનાની રકમનો સમાવેશ) ડી.ડી. /પી.ઓ.ના રૂપમાં ''એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ''ને નામે મુંબઈ ખાતે**28/12/2023**ના રોજ 18.00 કલાકે અથવા તે પૂર્વે, એટલે કે, ઈ–લિલામીના દિવસે અથવા આગામી કામકાજના દિવસ, એટલે કે, **29/12/2023**ના રોજ જમા કરવાના રહેશે, જે ડિપોઝિટ એલઈટી ફાઈનાન્સ લિમિટેડ દ્વારા પુષ્ટિ કરાશે, જેમાં નિષ્ફળ જતાં વેચાણ નિષ્ફળ થયું છે એવું ધારવામાં આવશે અને કથિત સફળ બિડરની બાનાની રકમ જપ્ત કરાશે. બાકી રકમ, એટલે કે, ખરીદી કિંમતના 75 % ખરીદદાર દ્વારા એલ&ટી ફાઈનાન્સ લિમિટેડને સ્થાવર મિલકતના વેચાણની પુષ્ટિના પંદરમા દિવસે અથવા તે પૂર્વે અથવા કાયદાની જોગવાઈ અનુસાર આવા વિસ્તારિત સમયગાળામાં ખરીદદાર દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
6. મિલકતના નિરીક્ષણ કે વધુ માહિતી માટે હરાજીમાં સંભવિત બોલી લગાવનારાઓ અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે, **'જેમનું નામ છે – 'પિયુષ પટેલ, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098' અને અંકિત વિજ, સંપર્ક નં. 86668943242, એલ એન્ડ ટી ફાઈનાન્સ લિ., ઑફિસઃ છઠ્ઠો માળ, બિન્દાવન બિલ્ડિંગ, પ્લોટ નં. 177, કલિના, સીએસટી રોડ, મર્સીડીઝ શોરૂમની પાસે, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – 400 098'.** ઈ–હરાજીના કોઈપણ તબક્કે અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યાં વગર અને અગાઉથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર બોલી/ઑફરને સ્વીકારી/નકારી/સુધારો–વધારો/રદ કરી શકે છે અથવા તો તેની પાછી ઠેલી શકે છે.
7. સફળ ખરીદદાર/બિડરે લાગુ કાયદા અનુસાર મિલકત કન્વેયન્સ કરવું/તેના/તેણી/તેમની તરફેણમાં કરાવી લેવા માટે ચૂકવવાનું આવશ્યક કોઈ પણ કાનૂની લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી વગેરે ભોગવવાનું રહેશે.
8. ઋણદાર/ગેરન્ટરો, જેઓ કથિત બાકી લેણાં માટે ઉત્તરદાયી હોય, તેમણે આ વેચાણની સૂચનાને ઉક્ત ઉલ્લેખિત જાહેર ઈ–હરાજી વેચાણના હોલ્ડિંગ વિશે સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) હેઠળ સૂચના તરીકે આ વેચાણ સૂચના ગણવામાં આવશે.
9. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)ને અત્રે કથિત ઈ–હરાજીની તારીખ પૂર્વે ઉક્ત ઉલ્લેખિત આખી લોનનાં બાકી લેણાં ચૂકવી દેવા અત્રે અનુરોધ કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જવા પર એલએન્ડટી ફાઈનાન્સ એસએઆરએફએઈએસઆઈ ધારા 2002માં નિર્ધારિત જોગવાઈઓ અનુસાર મિલકત વેચી નાખશે.
10. ઋણદાર(રો)/સહ–ઋણદાર(રો)/ગેરન્ટર(રો)/ગિરવે મૂકનાર(રો)/જાહેર જનતાનેઅત્રે એલ&ટી ફાઈનાન્સ લિમિટેડની પૂર્વ લેખિત સંમતિ વિના નોટિસમાં સંદર્ભિત સંરક્ષિત અસ્કયામતો અંગે વેચાણ, ભાડાપટ્ટા કે અન્યથા ટ્રાન્સફર નહીં કરવા માટે ચેતવવામાં આવે છે.

તારીખઃ 23.11.2023
સ્થળઃ સુરત

સહી/–
અધિકૃત અધિકારી
એલ&ટી ફાઈનાન્સ લિમિટેડ વતી

'મેરી કહાની, મેરી જુબાની : જિલ્લો ડાંગ'

(ડાંગ માહિતી બ્યુરો): આહવાઃ તાઃ ૨૨ઃ મારું નામ રમણીબેન સતીશભાઇ ગાઇન છે. હું વઘઇ તાલુકાના ચિચિંનાગાવઠા ગામની વતની છું. મારી પુત્રી શાક્ષી સતીશભાઇ ગાઇન, જ્યારે ત્રણ મહિનાની હતી ત્યારે તેના હાર્ટમા ખુબ જ તકલીફ હતી. જેથી આરોગ્ય વિભાગના સ્કુલ હેલ્થ કાર્ડ મારફત મારી દિકરીની અમદાવાદ હોલ્મિટલમા સફળ સર્જરી કરવામા આવી હતી. હવે મારી દિકરી સંપુર્ણ સ્વસ્થ છે. આપ પણ આવી કલ્યાણ યોજનાઓનો લાભ લઇ શકો છો.

Azadi Ka Amrit Mahotsav
पावरग्रिड
POWERGRID
G20
पावर ग्रिड कॉर्पोरेशन ऑफ इंडिया लिमिटेड
(भारत सरकार का उद्यम)
POWER GRID CORPORATION OF INDIA LIMITED
(A Government of India Enterprise)
क्षेत्रीय मुख्यालय, प्लोट नं 54, रिया-रेवती रिसोर्ट पासे, अंबे विधालय सामे, सामा – सावली रोड, वडोदरा -390024 ગુજરાત
ફોન (ઓ) 0265-2464267, 2487541
CIN: L40101DL1989GOI038121

પાવરગ્રિડ એ ભારત સરકારના ઉર્જા મંત્રાલય હેઠળનું "મહારત્ન" જાહેર ક્ષેત્રનું એન્ટરપ્રાઇઝ વિશ્વની સૌથી મોટી ટ્રાન્સમિશન યુટિલિટીઓમાંની એક તેજસ્વી, પ્રતિબદ્ધ અને મહેનતુ ઇલેક્ટ્રિશિયન ટ્રેડમાં પાસ ITI (ઇલેક્ટ્રિકલ) હોલ્ડર્સને

જુનિયર ટેકનિશિયન ટ્રેઈની

તરીકે તેની સાથે જોડાવા માટે આમંત્રિત કરે છે.
યોગ્યતાના માપદંડ, અરજી પ્રક્રિયા, પસંદગી પ્રક્રિયા, ખાલી જગ્યાઓની સંખ્યા વગેરેની વિગતો માટે કૃપા કરીને કેરિયર સેક્શન પર **www.powergrid.in** [Careers → Job Opportunities → Openings → Regional Openings] ની મુલાકાત લો.
રસ ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને POWERGRID વેબસાઇટ પર અરજી જમા કવાવવાની રહેશે.

POWERGRID પર ઓનલાઈન અરજી જમા કરાવવાનો પ્રારંભ	22/11/2023
ઓનલાઈન અરજી સ્વિકારવાની છેલ્લી તારીખ	12/12/2023

એક મહારત્ન PSU

૨૩ નવેમ્બરે સુરત જિલ્લાના બારડોલી, માંડવી અને મહુવા તાલુકાના ગામોમાં વિકસીત ભારત યાત્રા પરિભ્રમણ કરશે

કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભોનું વિતરણ કરાશે

સુરતઃ તા.૨૩ નવેમ્બરના રોજ સુરત જિલ્લાના બારડોલી, માંડવી અને મહુવા તાલુકામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના રથનું છ ગામોમાં ફરશે. જેમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ મળવાપાત્ર તમામ લાભાર્થીઓ સુધી પહોંચે, સરકારની તમામ યોજનાની જાણકારી ગ્રામજનો સુધી પહોંચે અને જરૂરિયાતમંદોને લાભ મળી રહે વા હેતુથી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ગામોમાં પરિભ્રમણ કરી લોકોને જાગૃત કરશે. બારડોલી તાલુકાના હરીપુરા અને ઉછરેલ, માંડવીના કાકરાપાર અને દઢવાડા સાથે મહુવાના માછીસાદડા અને પુના ગામે રથનું આગમન થશે. જેમાં વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ આપવામાં આવશે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી કે જે વિવિધ યોજનાઓનો લાભ લેવા પાત્ર છે પરંતુ લાભ મળ્યો નથી તેમના સુધી પહોંચવાનો છે.

ઉપરાંત યોજનાઓની માહિતીનો પ્રચાર-પ્રસાર કરી નાગરિકોમાં જાગૃતિ લાવવા,સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના અનુભવ જાણવા તેમજ યાત્રા દરમિયાન નિષ્ટિત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરાવી તેમને પણ સરકારી યોજનાઓનો લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્ય હાંસલ કરવાના ઉદ્દેશ છે.

નામ બદલેલ છે
મારૂં જુનું નામ
સેજલબેન રાકેશકુમાર પટેલ
હતુ તે બદલીને નવું નામ
સેજલ રાકેશ પટેલ
રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
લિ.સેજલ રાકેશ પટેલ
સરનામું: બી૧/૮૦૨, અવધ કોપર સ્ટોન, સાયલન્ટ ઝોન ડુમસ નજીક, ગવીયાર, સુરત – ૩૯૫૦૦૭, ગુજરાત

નામ બદલેલ છે.
મારું જુનું નામ
સોની અનિલ કુલકર્ણી
ચાલી આવેલ છે, તે બદલીને નવું નામ
સોનુબાઈ ગોવિંદરાવ ઢગે
કરેલ છે, જેની સર્વેએ નોંધ લેવી.
લિ.
સોનુબાઈ ગોવિંદરાવ ઢગે
રહેઠાણઃ ૨૦૩, ધન કોમ્પ્લેક્ષ, મધુમતી, સેન્ટ્રલ બેંક પાસે, નવસારી. (ગુજરાત)

નામ બદલેલ છે
મારું જુનું નામ **મહમ્મદ રફીક ગુલામ મોહમ્મદ શેખ** હતું જે બદલીને નવું નામ **મોહમ્મદ રફીક ગુલામમોહમ્મદ શેખ** રાખેલ છે . જેની સર્વે નોંધ લેવી
લિ- **મોહમ્મદ રફીક ગુલામમોહમ્મદ શેખ**
સરનામું: હાઉસ નં ૧, ૧/૩૨૯૪, પ્લોટ નં-૧, કાદરી એપાર્ટમેન્ટ પાસે, છોટી મસ્જિદની ગલી, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **હિતેશ કનુભાઈ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ
હિતેશભાઈ કનુભાઈ પટેલ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: હિતેશભાઈ કનુભાઈ પટેલ
સરનામું : ૬૨-જી, ગણેશ સૃષ્ટિ સોસાયટી, NH-૮, ઝાડેશ્વર, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૧૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કુપેશ હિતેશ પટેલ** હતું જે નામ બદલીને નવું નામ
કુપેશકુમાર હિતેશભાઈ પટેલ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: કુપેશકુમાર હિતેશભાઈ પટેલ
સરનામું : ૬૨-જી, ગણેશ સૃષ્ટિ સોસાયટી, NH-૮, ઝાડેશ્વર, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૧૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **મિયાણી અર્પિતકુમાર મુકેશભાઈ** હતું જે નામ બદલીને નવું નામ
મિયાણી અર્પિત મુકેશભાઈ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: મિયાણી અર્પિત મુકેશભાઈ
સરનામું : બી-૯૦૩, સંસ્કૃતિ રેસિડેન્સી, શિવધારા રેસિડેન્સીની પાસે, ચોર્યાસી, સુરત- ૩૯૪૧૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **જયશ્રીબહેન પરિમલકુમાર પટેલ** હતું જે નામ બદલીને નવું નામ
જયશ્રીબેન પરિમલકુમાર પટેલ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: જયશ્રીબેન પરિમલકુમાર પટેલ
સરનામું : મુ.પો- આમધરા (પહાડ ફળિયા) તા. ચીખલી, જી. નવસારી, પીન- ૩૯૬૫૨૧, ગુજરાત.

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **દિપાલી કૌશિકકુમાર શાહ** હતું જે નામ બદલીને નવું નામ
દિપાલી કૌશિક શાહ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: દિપાલી કૌશિક શાહ
સરનામું : કંચન કુટીર, બેચર રોડ, દશેરા ટેકરી, ડી.જી.વી.સી.એલની બાજુમાં, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **કૌશિકકુમાર હેમંતકુમાર શાહ** હતું જે નામ બદલીને નવું નામ
કૌશિક હેમંતકુમાર શાહ
રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: કૌશિક હેમંતકુમાર શાહ
સરનામું : કંચન કુટીર, બેચર રોડ, દશેરા ટેકરી, ડી.જી.વી.સી.એલની બાજુમાં, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧